॥ ॐ હ્રીં શ્રીં અર્હં શ્રી ચિંતામણી - શંખેશ્વર - આશાપૂરણ પાર્શ્વનાથાય નમ : ॥

પુસ્તક ૬

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન : શા. બાબુલાલ સરેમલ

શ્રાવણ સુદ-૫, સંવત ૨૦૬૬

જિનશાસનશણગાર પૂજ્ય સર્વ ગુરુભગવંતોના ચરણોમાં સેવક બાબુલાલ સરેમલ બેડાવાળાની સાદર વંદનાવલી અવધારશોજી.

"અહો શ્રુતજ્ઞાનમ્" અંક-૫ને અષાઢ સુદ - ૫ના રોજ પ્રકાશિત કરી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના ચાતુર્માસિક સરનામા પર મોકલેલ, પરંતુ કેટલાંક સમુદાયના ચાતુર્માસિક સરનામાને અભાવે જે પણ પૂજ્યોને અંક ન મળ્યો હોય તેઓ અમને જાણ કરશે તો તુર્ત મોકલવા યોગ્ય કરશું.

ગ્રંથોના મુદ્રણયુગ પૂર્વેના ૮૦૦ વર્ષ તાડપત્ર, કાગળ આદિ વિવિધ માધ્યમ દ્વારા શ્રુતજ્ઞાનનું લેખન થતું રહ્યું. ઘણો કાળ વહેવા છતાં'ય આજે તે પ્રાપ્ય બની રહ્યું છે. હસ્તલેખનનું માધ્યમ ઘણો કાળ ચિરસ્થાયી હોઈ મુદ્રિત કરતાં સંગ્રહની અપેક્ષાએ તેની ઉપાદેયતા અનેક ગણી હતી અને છે. આથી જ આજે'ય કેટલાંક પૂજ્યોની પ્રેરણાથી હસ્તલેખનનું કાર્ય ચાલી રહેલ છે, જેની અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પરંતુ હસ્તલિખિત ગ્રંથોની પ્રાપ્ય જુદાં-જુદાં ભંડારોની સૂચિ જોતા ચોક્કસપણે એવું તારણ નીકળે છે કે આગમગ્રંથો તથા બીજા ચોક્કસ ગ્રંથોની ઘણી-બધી નકલો ઘણાં જ્ઞાનભંડારોમાં જોવાય છે, જ્યારે કેટલાંક ઉપદેશાત્મક, છંદ, અલંકાર, વ્યાકરણ, શિલ્પ, ગણિત, ન્યાય, ખગોળ જેવાં અન્ય પણ સબળ અને પૂરક વિષયોના ગ્રંથોની ખૂબ જ જૂજ નકલો ક્યાંક ક્યાંક કો'ક જ જ્ઞાનભંડારમાં મળે છે. હસ્તલેખન કરાવનાર બધાં જ જો એક માત્ર સટીક આગમો, પંચાંગી ને સીલેક્ટેડ ગ્રંથો જ કરાવવાનો આગ્રહ રાખે તો ઉપરોક્ત વિષયનાં ગ્રંથો કાળક્રમે લુપ્ત થવાની પણ પૂર્ણતઃ સંભાવનાઓ છે એટલે શ્રુતવારસો સાચવવાની ખેવનાવાળાઓએ આ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા અમને જણાય છે.

પૂર્વના વિદ્વાન, જ્ઞાની, સંયમી મહાત્માઓએ સર્જન કરેલ એવા ઘણાં ગ્રંથો કે જેની જૂજ નકલ જ થઈ હોય એવા ગ્રંથો સાચવી નહિં શકાવાને કારણે અત્યારે તે લુપ્ત થઈ ગયા છે, જે ગ્રંથોના નામ ગ્રંથકર્તાએ પોતાની અન્ય કૃતિઓમાં ઉલ્લેખ કરેલા હોય અને અત્યારે તે ક્યાંય દષ્ટિગોચર ન થતાં હોય એવા કેટલાંક ગ્રંથોનું લિસ્ટ અમોએ આ જ અંકમાં પૃષ્ઠ ત્રણ (૩) પર મુકેલ છે એ પૈકી કોઈપણ ગ્રંથ આપની જાણમાં કોઈ જ્ઞાનભંડારમાં હોય તો અમને ખાસ જાણ કરશો, જેથી વિદ્વાનો દ્વારા એ ગ્રંથને પ્રકાશમાં લાવવા પૂર્ણ પ્રયત્ન કરી શકાય.

વળી, જે પણ ગ્રંથનું હસ્તલેખન થાય, તે પછી મૂળનકલ પ્રમાણે યોગ્ય તજ્જ્ઞ અભ્યાસી દ્વારા તેનું શુદ્ધિકરણ કરવું અત્યંત આવશ્યક છે અન્યથા ભવિષ્યમાં એક જ પદના અનેક પ્રકારના વગર કારણના અશુદ્ધ પાઠાંતરો મળવા દ્વારા શાસ્ત્ર વધુ દુરૂહ બની જશે. આ રીતે તો "लाभमिच्छता मूलहानिः" જેવું થાય. માટે જે તે હ.લિ. ગ્રંથની પાંચ ઝેરોક્ષ નકલ કઢાવી જુદાં જુદાં પૂજ્યો પાસે સંશોધન કરાવવું જોઈએ આમ અમને સમજાય છે.

જિનશાસનની નિઃસ્વાર્થ સેવાની ભાવનાથી આરંભાયેલ આ કાર્યમાં આપશ્રીનો સહકાર અપેક્ષિત છે. "અહો શ્રુતજ્ઞાનમ્" દ્વારા સર્વને પહોંચાડી શકાય એવી યોગ્ય માહિતિ સૂચન આવકારવા અમે સજ્જ છીએ.

એ જ,

શ્રીશ્રમણપ્રધાન જૈનસંઘ ચરણરજ બાબુલાલ.

# સં. ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦ માં નૂતન પ્રકાશિત પુસ્તકો

| ક્ર. | પુસ્તકનું નામ | લેખક/સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧. | ઋષભને જોઈ જોઈ હરખે જેહ (આદિનાથ પ્રભુના ૧૩ ભવો) | પૂ. અજિતશેખર સૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર ટ્રસ્ટ |
| ૨. | વિવેકમંજરી ભા.-૧ | સાધ્વીજી ચંદનબાલાશ્રીજી | સં. | શ્રુત રત્નાકર |
| ૩. | વિવેકમંજરી ભા.-૨ | સાધ્વીજી ચંદનબાલાશ્રીજી | સં. | શ્રુત રત્નાકર |
| ૪. | અધ્યાત્મોપનિષદ્ | પૂ. વિક્રમસેનવિજયજી | સં. | લબ્ધિભુવન જૈન સાહિત્ય |
| ૫. | પંચસૂત્રના પ્રવચનો ભા.-૧ | પૂ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૬. | પંચસૂત્રના પ્રવચનો ભા.-૨ | પૂ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૭. | યોગ શાસ્ત્ર | પૂ. ધર્મશેખરવિજયજી | ગુજ. | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૮. | વીતરાગ સ્તોત્ર | પૂ. ધર્મશેખરવિજયજી | ગુજ. | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૯. | કિરાતાર્જુનીયમ્(પ્રદીપિકા ટીકા યુક્ત) | પૂ. જિનચંદ્રસૂરિજી | સં. | વીર શાસનમ્ |
| ૧૦. | અધ્યાત્મશુદ્ધિ | સંયમકીર્તિવિજયજી | ગુજ. | નરેશભાઈ નવસારીવાળા |
| ૧૧. | શુદ્ધધર્મ | સંયમકીર્તિવિજયજી | ગુજ. | નરેશભાઈ નવસારીવાળા |
| ૧૨. | સર્વદર્શન પ્રવેશક | વૈરાગ્યરતિવિજયજી | | પ્રવચન પ્રકાશન |
| ૧૩. | જૈનદર્શન પ્રવેશક | વૈરાગ્યરતિવિજયજી | | પ્રવચન પ્રકાશન |
| ૧૪. | યોગતત્વ વિવેચન | વૈરાગ્યરતિવિજયજી | | પ્રવચન પ્રકાશન |
| ૧૫. | અડધી રાતે અજવાળું (ઉતરાધ્યયન સાનુવાદ) | વૈરાગ્યરતિવિજયજી | ગુજ. | પ્રવચન પ્રકાશન |
| ૧૬. | જૈન શ્રમણ વિશ્વની અજાયબી | નંદલાલ દેવલૂક | ગુજ. | અરિહંત પ્રકાશન |
| ૧૭. | નિર્ગ્રન્થ ઐતિહાસિક લેખ સમુચ્ચય-૧ | મધુસુદન ઢાંકી | ગુજ. | કસ્તુરભાઈ લાલભાઈ સ્મારક નિધી |
| ૧૮. | નિર્ગ્રન્થ ઐતિહાસિક લેખ સમુચ્ચય-૨ | મધુસુદન ઢાંકી | ગુજ. | કસ્તુરભાઈ લાલભાઈ સ્મારક નિધી |
| ૧૯. | ગૃહસ્થ દિક્ષા યાને દેશવિરતી ધર્મ | સા. જિનાજ્ઞાશ્રીજી | ગુજ. | વાસુપૂજ્ય જૈન સંઘ |
| ૨૦. | જૈન સાહિત્યનો સ્વાધ્યાય | ડૉ. કવીન શાહ | ગુજ. | રીટાબેન કિરણકુમાર |
| ૨૧. | કુલકરત્નમાલા (પ્રત) | પૂ.પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ./સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૨. | પૂજનવિધિ સંપૂટ (૧૨ પ્રત) | પં. મહેશભાઈ એફ. શેઠ | ગુજ. | ---------- |
| ૨૩. | આવશ્યક ક્રિયા સાધના | રમ્યદર્શનવિજયજી | હિ. | સ્મૃતિમંદિર પ્રકાશન |
| ૨૪. | વૈરાગ્યશતક | રત્નસેનવિજયજી | હિ. | દિવ્યસંદેશ પ્રકાશન |
| ૨૫. | પ્યારે પ્રભુ દેદાર (નમુત્થુંણં સૂત્ર વિવેચન) | પ્રશમરતિવિજયજી | હિ. | પ્રવચન પ્રકાશન |
| ૨૬. | અંશો શાસ્ત્રોના | ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૨૭. | સિદ્ધહેમ લઘુવૃત્યુ-દાહરણકોશઃ | મુનિ ધર્મકિર્તીવિજયજી | સં. | શ્રી હેમનવમ જન્મ શતાબ્દિ |
| ૨૮. | ધમ્મિલકુમાર રાસ | સા. જિતકલ્યાશ્રીજી મ.સા. | ગુજ. | દેવી કમલ સ્વાધ્યાય મંદિર |

# આપણા લુપ્ત થયેલા ગ્રંથોની યાદી

| ક્રમ | નામ | કર્તા | ઉલ્લેખ |
|---|---|---|---|
| ૧. | અર્હત્ ચૂડામણિ | પૂ. હરિભદ્રસૂરિજી | ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિમાં ઉલ્લિખિત |
| ૨. | ક્ષેત્ર સમાસ વૃત્તિ | પૂ. હરિભદ્રસૂરિજી | ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિમાં ઉલ્લિખિત |
| ૩. | સંગ્રહણી વૃત્તિ | પૂ. હરિભદ્રસૂરિજી | ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિમાં ઉલ્લિખિત |
| ૪. | અનેકાન્ત પ્રઘટ્ટ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૫. | ચૈત્યવંદનમાલા (સંસ્કૃત) | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૬. | ધર્મલાભ સિદ્ધિ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૭. | પરલોક સિદ્ધિ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૮. | પ્રતિષ્ઠાકલ્પ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૯. | બૃહન્મિથ્યાત્વમથન | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૦. | લોકબિન્દુ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૧. | વેદબાહ્યતા નિરાકરણ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૨. | વ્યવહારકલ્પ | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૩. | શ્રાવક ધર્મ તંત્ર | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૪. | ષટ્દર્શની | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૫. | સંપંચા સિત્તરી | પૂ. હરિભદ્રસૂરિજી | પૂ.હરિભદ્રચરિત્ર ઉલ્લિખિત ગ્રંથો |
| ૧૬. | અધ્યાત્મ બિંદુ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૧૭. | અધ્યાત્મોપદેશ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૧૮. | અલંકાર ચૂડામણિ ટીકા | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૧૯. | આત્મખ્યાતિ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૦. | છંદ ચૂડામણિ ટીકા | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૧. | જ્ઞાનસાર ચૂર્ણિ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૨. | તત્ત્વાલોક વિવરણ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૩. | વીરસ્તવ ટીકા | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૪. | વેદાન્ત નિર્ણય | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૫. | વેદાન્તવિવેક સર્વસ્વમ્ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૬. | શઠ પ્રકરણમ્ | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૭. | સિધ્ધાન્ત તર્ક પરિષ્કાર | ઉપા. યશોવિજયજી | જૈન સ્રોત સંદોહ-મુનિ પુણ્યવિજયજીની પ્રસ્તાવના |
| ૨૮. | સિદ્ધાંતમંજરી ટીકા | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |
| ૨૯. | ત્રિસૂત્ર્યાલોકવિધિ | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |
| ૩૦. | દ્રવ્યાલોક | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |
| ૩૧. | પ્રમા રહસ્ય | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |
| ૩૨. | મઙ્ગલવાદ | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |
| ૩૩. | વિધિવાદ | ઉપા. યશોવિજયજી | સ્વયં રચિત ગ્રંથોમાં ઉલ્લેખો |

## ચાલો, પ્રાચીન શ્રુતવારસાનું સંરક્ષણ કરીએ....

આપણા પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથો દીર્ઘકાળ પ્રાપ્ય બને એ હેતુથી તાડપંત્ર અને ટકાઉ કાગળ પર લેખનારૂઢ બન્યા. કુમારપાળ, વસ્તુપાલ-તેજપાલ અને પેથડશાહ જેવા દાનવીર અને દીર્ઘ-દૃષ્ટિવાળા અનેક શ્રાવકોએ ઉદારતાપૂર્વક લક્ષ્મીનો સદ્‌વ્યય કરીને હજારો લહીયાઓ પાસે પ્રતિલિપિ કરાવી-કરાવીને એ ભવ્ય શ્રુતવારસો આપણા સુધી પહોંચાડ્યો છે.

પરંતુ કાળના પ્રભાવે, વિધર્મીઓના આક્રમણાદિથી શાસ્ત્રસંગ્રહમાં રહેલા આ ગ્રંથો ક્વચિત્ કદાચિત્ લુપ્ત બની રહ્યાં. ક્યારેક પૂજ્યોને સંશોધન માટે પણ અલભ્યપ્રાયઃ બની રહ્યાં છે. જો આ ગ્રંથોની હજી વધુ પ્રતિલિપિઓ થઈને જુદાં-જુદાં અન્ય ભંડારોમાં સચવાઈ રહી હોત તો આ પ્રશ્ન ન રહત. આ દરેક ગ્રંથની ૧૦-૧૦ હસ્તલિખિત નકલ કરીને પ્રાચીન ભંડારોમાં એ સાચવવી જરૂરી છે. પરંતુ એકસાથે બધા જ ગ્રંથોનું હસ્તલેખન કે લિપ્યંતરણ જ્યારે શક્ય નથી. વળી, હસ્તલિખિતમાં પણ જ્યાં શુદ્ધસંમાર્જનના અભાવે અનેક નવા પાઠભેદના પ્રશ્નો ઉપસ્થિત થતાં હોય એવા સમયે આજની ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને તેને સ્કેનીંગ કરાવવા દ્વારા ૧૦-૧૫ નકલો જુદાં-જુદાં જ્ઞાનભંડારોને પહોંચાડાય તો જુદાં-જુદાં સ્થળે રહેલ મહાત્માઓને સંશોધન-સંપાદન-લિપ્યંતરણ માટે તે સહજ પ્રાપ્ય બની શકે. આગમપ્રજ્ઞ પૂ. જંબૂવિજયજી મ.સા.આ રીતે પાટણ, ખંભાત અને જેસલમેરના જ્ઞાનભંડારોમાંથી મહત્વની પ્રતોની ઝેરોક્ષ સુયોગ્ય એવા અનેકને આપવા દ્વારા ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું છે. આ જ રીતે આ.શ્રી. કૈલાસસાગરસૂરિજી જ્ઞાનભંડાર, કોબા એ પણ અનેક હસ્તપ્રતોને સ્કેન કરાવીને સુરક્ષિત કરેલ છે. તથા જેઓને સંશોધનાર્થે જોઈએ તેમને ઉદારતાપૂર્વક ઝેરોક્ષ નકલ પૂરી પાડે છે. જેની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

દેશભરમાં અનેક સ્થળોએ આ પ્રમાણે હજીયે થોડું-વધુ હસ્તલિખિત સાહિત્ય સચવાયેલું છે. તેના સર્વે સંચાલકો, ટ્રસ્ટીઓને હાર્દિક-દર્દભરી વિનંતી છે કે તેઓ પણ પોતાના જ્ઞાનભંડારોમાં રહેલ અલભ્ય એવી કૃતિઓને સ્કેનીંગ કરાવીને તેની નકલો યોગ્ય પડતર કિંમતે બીજા ૧૦-૧૫ જ્ઞાનભંડારોને આપવા દ્વારા સુરક્ષિત કરે તો ભવિષ્યમાં કુદરતી આપત્તિ વિગેરે જેવા કારણસર અલભ્યને અમૂલ્ય એવી કૃતિઓ નાશ પામતી અટકી જાય, તથા સ્કેનીંગ થયેલ એવી નકલોની ઝેરોક્ષ પરથી મહાત્માઓ સંશોધન-સંપાદન પણ કરી શકે, જે દ્વારા અપ્રગટ શ્રુતવારસો પ્રગટ બની રહે.

કેટલુંક શ્રુત તેના યોગ્ય મહાત્માઓ સુધી જ સીમિત રાખવાનું હોય છે. આવા કાર્યો ઉચિત વિવેકપૂર્વક ગીતાર્થોના માર્ગદર્શન મુજબ કરવા એવી અમારી નમ્ર વિનંતિ છે. જો કોઈ પણ સંઘને પોતાના હસ્તલિખિત જ્ઞાનભંડારને આ રીતે સુરક્ષિત કરવો હોય તેઓને સર્વ પ્રકારે માનદ્ સેવા આપવા દ્વારા અમે એમાં સહાયક બનશુ. શ્રી સંઘને કોઈપણ જાતના વિશેષ ખર્ચ વિના, બે-ત્રણ માસમાં આ કાર્ય થઈ શકે એમ છે. તો શ્રુતસંરક્ષણના આ કાર્યમાં ઈચ્છુક સર્વ અમારો સંપર્ક કરી શકે છે.

# સંશોધનાર્હ કેટલાંક ચરિત્ર ગ્રંથ

વર્ષોના વર્ષોથી હસ્તપ્રતોમાં અકબંધ રહેલ, અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથોને પ્રકાશમાં લાવવાની ખેવનાથી ગત વર્ષે પરિપત્ર-૩માં એવાં કેટલાંક ગ્રંથો અમે રજૂ કર્યા હતાં. જેમાંથી કેટલાંક ગ્રંથોની જિજ્ઞાસાસભર માહિતીની પૂછપરછ થઈ, અને કેટલાંક પર કાર્યારંભ પણ થયો. તેનાથી પ્રેરાઈને આ વર્ષે એવા કેટલાંક અપ્રગટ ચરિત્ર ગ્રંથો શ્રુતસંશોધક પૂ.મુનિચંદ્રસૂરિજીના સૌજન્યથી આ સાથે રજૂ કરીએ છીએ. કોઈપણ ગચ્છ-સમુદાયના મહાત્મા આ પ્રકારની સર્વગ્રાહી, સર્વોપયોગી માહિતી રજૂ કરશે તો તેમનો સાભાર ઉલ્લેખ કરવાપૂર્વક તે રજૂ કરવા અમે બડભાગી થઈશું. જેના આધારે અનેક સંશોધકોને ચોક્કસ દિશા મળી રહેશે, એ નિશ્ચિત છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મલ્લિનાથ ચરિત્ર | શ્રી અજ્ઞાતકર્તૃક (શ્લોક-૫૦૦) | પ્રાકૃત |
| ૨. | મલ્લિનાથ ચરિત્ર | પૂ.આ. હરિભદ્રસૂરિ | પ્રાકૃત |
| ૩. | મલ્લિનાથ ચરિત્ર | (લે.સં. ૧૩૪૫) (શ્લોક-૧૦૫) | પ્રાકૃત |
| ૪. | ચંદ્રપ્રભ ચરિત્ર | પં.યશોકીર્તિ (લે. ૧૫૮૭) | પ્રાકૃત |
| ૫. | યશોધર ચરિત્ર | શ્રી ક્ષમાકલ્યાણજી (ર.સં.૧૮૩૯) | |
| ૬. | યશોધર ચરિત્ર | શ્રી હેમકુંજરજી (ર.સં. ૧૬૨૩) | |
| ૭. | યશોધર ચરિત્ર | શ્રી પદ્મસાગરજી | |
| ૮. | યશોધર ચરિત્ર | શ્રી કલ્યાણકીર્તિ (સં. ૧૪૮૫) | |
| ૯. | યશોધર ચરિત્ર | શ્રી જ્ઞાનકીર્તિ | |
| ૧૦. | યશોધર ચરિત્ર | શ્રી બ્રહ્મ નેમિદત્ત | |
| ૧૧. | યશોધર ચરિત્ર | શ્રી પદ્મનંદિન્ | |
| ૧૨. | યશોધર ચરિત્ર | શ્રી પદ્મનાક્ષ કાયસ્થ | |
| ૧૩. | યશોધર ચરિત્ર | શ્રી પુરાણદેવ | |
| ૧૪. | યશોધર ચરિત્ર | શ્રી મલ્લિસેન | |
| ૧૫. | યશોધર ચરિત્ર | શ્રી વાસવસેન | |
| ૧૬. | યશોધર ચરિત્ર | શ્રી શ્રુતસાગરજી | |
| ૧૭. | યશોધર ચરિત્ર | શ્રી સકલકીર્તિ | |
| ૧૮. | યશોધર ચરિત્ર | શ્રી સર્વસેન | |
| ૧૯. | યશોધર ચરિત્ર | શ્રી સોમકીર્તિ | |
| ૨૦. | યશોધર ચરિત્ર | પૂ.અજ્ઞાતકર્તૃક | |
| ૨૧. | મલયસુંદરી ચરિત્ર | શ્રી પલ્લીવાલગચ્છીય શાંતિસૂરિ | |
| ૨૨. | મલયસુંદરી ચરિત્ર | શ્રી અજ્ઞાતકર્તૃક - ગ્રં. ૧૨૯૬ | |
| ૨૩. | મલયસુંદરી ચરિત્ર | શ્રી અજ્ઞાતકર્તૃક - ગ્રં. ૧૨૭૭ | પ્રાકૃત |
| ૨૪. | મલયસુંદરી ચરિત્ર | શ્રી અજ્ઞાતકર્તૃક - ગ્રં. ૧૧૧૫ | |
| ૨૫. | મલયસુંદરી ચરિત્ર | શ્રી હરિરાજ - ગ્રં. ૮૦૦ | |
| ૨૬. | અંજના ચરિત્ર | શ્રી બ્રહ્મ જૈન | પદ્ય |
| ૨૭. | અંજના પવનંજયનાટક | શ્રી હસ્તીમલજી | |
| ૨૮. | અંજનાસુંદરી કથા | અપભ્રંશ | |
| ૨૯. | અંજનાસુંદરી કથાનક | શ્રી પુણ્યસાગરગણી | |
| ૩૦. | અંજના ચરિત્ર | શ્રી ગુણસમૃદ્ધિ સાધ્વી | |

# સંશોધન-સંપાદનમાં નિરત વિદ્વાનોને નિવેદન

આપશ્રી અતિ પરિશ્રમ લઈને જે કાર્ય કરી રહ્યાં છો, તે કાર્ય પૂર્ણ થતાં મહિનાઓ કે વર્ષો નીકળી જતાં હોય છે. શક્ય છે કે દરમિયાનમાં એ જ ગ્રંથનું નૂતન પ્રકાશન અન્ય કોઈ વિદ્વાન બહાર પાડે, અને ત્યારે સહજ રીતે (૧) આપના પ્રકાશનનું એટલું મૂલ્ય ન રહે. (૨) આપને પ્રકાશન કરવાનો પૂર્વ જેવો ઉત્સાહ ન રહે. (૩) આપ પ્રકાશન કરો, તો ય વાચક વર્ગ એવી પણ આશંકા વ્યક્ત કરી શકે કે આપે મધ્યકાળમાં પ્રકાશિત ગ્રંથનો ઉપયોગ કરીને જ આ પ્રકાશન કર્યું છે. (૪) આવી આશંકાના નિવારણ માટે પ્રબળ ખુલાસો કરી શકાય એવી સ્થિતિ હોતી નથી. આ સંયોગોમાં એક જ માર્ગ અપનાવવા યોગ્ય છે, કે આપશ્રી પૂર્વેથી સંશોધનાદિ કાર્ય ચાલુ હોય, ત્યારથી એ કાર્યની જાણકારી ઉચિત માધ્યમ દ્વારા આપી દો. તેના અન્ય પણ લાભ થશે જેમ કે,

(૧) જે વિદ્વાનો નવા કાર્યો હાથમાં લેતાં હશે, તેઓ પિષ્ટપેષણ ન થાય, તે માટે આપે જાણકારી આપેલા ગ્રંથોને છોડી દેશે.

(૨) તેનાથી આપશ્રીનું પ્રકાશન "મોનોપોલી" ધરાવશે.

(૩) તે વિદ્વાનો વણખેડ્યા/દુર્લભ ગ્રંથોના કાર્ય કરશે, તેનાથી શાસનને વધુ લાભ થશે.

(૪) આપના કાર્યની જાણકારી મળતાં પરાર્થરસિક વિદ્વાનો પોતાની પાસે રહેલી તે વિષયની સામગ્રી/માહિતી આપને પાઠવશે.

(૫) એક જ વિષયમાં થતાં બિનજરૂરી અનેક પ્રકાશનોથી જિનશાસનની સંપત્તિ/શક્તિ આદિનો જે દુર્વ્યય થાય છે, તે અટકશે.

(૬) આપને ગ્રંથ પ્રકાશિત કરવામાં ગમે તેટલો વિલંબ થાય, આટલા સમયથી આપનો એ કાર્યમાં પરિશ્રમ ચાલુ હતો, તેનું પ્રમાણ પૂર્વથી જ પ્રસિદ્ધ હશે.

(૭) આપના કાર્યની જાણકારી મળતા એ વિષયના અધ્યેતાઓ આપના પ્રકાશનની પ્રતીક્ષા કરશે, પ્રકાશિત થતાં ગ્રંથની માંગણી કરશે. આપના પ્રકાશનની ઉપાદેયતા અનેકગણી વધી જશે.

આવા અનેક લાભો હોવાથી પોતાના કાર્યની જાણકારી આપવી, એ વિદ્વાનોના પોતાના હિતની વાત છે. આપને જે ઉચિત લાગે એ માધ્યમનો આપ ઉપયોગ કરી શકો છો. પણ જો બધાં વિદ્વાનો એક માધ્યમ અપનાવે, તો ઉક્ત લાભો બહોળા પ્રમાણમાં મળી શકે. "સરસ્વતી પુત્રોને વંદના" આ માધ્યમથી "અહો શ્રુતજ્ઞાનમ્" આપના કાર્યોની અનુમોદના કરવા સદા સજ્જ છે. "विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्" આપનો અથાગ પરિશ્રમ શતમુખપણે ફળીભૂત થાય, એ જ અમારી શુભાભિલાષા.

(આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિજી, અઠવાલાઈન્સ, સુરત)

તો, ઉપરોક્ત વાતને ધ્યાનમાં લઈ સમય-શક્તિ અને દ્રવ્યના વ્યયને અટકાવવા આપ જે પણ ગ્રંથ ઉપર કાર્ય કરતા હો તેની વિગત તુર્ત મોકલશો, જેથી આગામી અંકમાં અમે તે પ્રકાશિત કરી શકીએ.

# સરસ્વતી પુત્રોને વંદના

પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિજી જન્મશતાબ્દી નિમિત્તે **પૂ.આ.વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** તથા **પૂ.આ.શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી** તરફથી નવસર્જન થઈ રહેલ ગ્રંથો

(૧) અંગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ અંગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃત વૃત્તિ

(૨) વર્ગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ વર્ગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃત વૃત્તિ

(૩) બોટિકોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ-બોટિકપ્રતિષેધ, બોટિકનિરાકરણ, દિગંબરમતખંડન, બોટિકોચ્ચાટનના સમન્વય સાથે સમીક્ષા

(૪) આગમોપનિષદ્ - આગમપ્રતિપક્ષનિરાકરણ/વિસંવાદ પ્રકરણ પર વિવરણ

(૫) દુઃષમોપનિષદ્ - દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ

(૬) આચારોપનિષદ્ - શ્રી દેવસુંદરસૂરિ કૃતિ સમાચારી પ્રકરણ પર વિશદ વૃત્તિ

(૭) તત્ત્વોપનિષદ્ - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ કૃત ષષ્ઠી દ્વાત્રિંશિકા પર નૂતન સંસ્કૃત વૃત્તિ, હિન્દી અનુવાદ સાથે

(૮) આત્મોપનિષદ્ - શ્રી ઉદયનાચાર્ય કૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર નૂતન ગુર્જર વિવરણ (ભાગ-૧)

(૯) સદ્બોધોપનિષદ્- શ્રી પદ્મનંદી કૃત સદ્બોધચંદ્રોદય પંચાશિકા પર નૂતન સંસ્કૃત વાર્તિક, સાનુવાદ

(૧૦) દર્શનોપનિષદ્ - શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ-ગુર્જર વિવરણ (ભાગ-૧,૨)

(૧૧) જીરાવલીયમ્ કાવ્યમ્ -શ્રી જીરાવલા મહાતીર્થ-અથ થી આજ તક, હિંદી અનુવાદ સાથે

## વિદ્વાન મહાત્માઓ દ્વારા નૂતન સંશોધન સંપાદન સર્જન થઈ રહેલ ગ્રંથોની યાદી

### સાધ્વીશ્રી ચંદનબાલાશ્રીજી મ.સા. (પૂ. રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) વસંતવિલાસ મહાકાવ્ય

### પૂ.પં.પૂર્ણચંદ્રસાગરજી મ.સા. (પૂ.સાગરજી સમુદાય)

(૧) તપાગચ્છ પટ્ટાવલી (સચિત્ર) મહોપાધ્યાય ધર્મસાગરજી વિરચિત

(૨) પ્રવચન કિરણાવલી (સચિત્ર) પૂ.આ.પદ્મસૂરિજી વિરચિત

### પૂ.પં.શ્રીરત્નજ્યોતવિજયજી મ.સા. (પૂ.શાન્તિચંદ્રસૂરિજી સમુદાય)

(૧) પંચશતિપ્રબોધ પ્રબંધ

### પૂ.શ્રીજ્ઞાનરક્ષિતવિજયજી મ.સા. (પૂ.પં.બોધિરત્નવિજયજીના શિષ્ય)

(૧) મૂળઆગમ ગ્રંથો ઉપરથી મુદ્રિત પ્રતો પુસ્તકોની સર્વગ્રાહી સંપૂર્ણ વિસ્તૃત યાદી

## લાભ સવાયા લેજો.. શ્રુતજ્ઞાનને વંદન હોજો..

★ અહો શ્રુતજ્ઞાનના આજ સુધી છ અંકોમાં "નૂતન પ્રકાશન ગ્રંથો"ની કોલમમાં જણાવેલ દરેક ગ્રંથ પૂજ્યશ્રીઓને તથા અભ્યાસી શ્રાવક-શ્રાવિકાઓને સ્વાધ્યાયાર્થે અમારા સ્વદ્રવ્યથી બનાવેલ શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડારમાંથી મળી શકશે, જેમાં સમય અને સ્થળનું કે ટ્રસ્ટીની સહી વિગેરેનું કોઈ જ બંધન નથી, તો અમને લાભ આપવા વિનંતિ. જો આપને પુસ્તક/પ્રત કાયમી રાખવા માટે જોઈતા હોય તો જે તે પ્રકાશકનો અથવા ગુરૂભગવંતનો સંપર્ક કરશો. તેઓના સરનામા અમારી પાસેથી મળી શકશે.

★ પ.પૂ.પ્રાચીન આગમ-શાસ્ત્રોદ્ધારક વૈરાગ્યદેશનાદક્ષ આ.વિ.હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ તથા સંઘવી અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ તરફથી નવા પ્રકાશિત બધાજ પુસ્તકો અમારા ત્યાં પ્રાપ્ય છે, તથા પૂજ્યશ્રી પ્રેષિત ભારતભરના સક્રિય-સમૃદ્ધ જ્ઞાનભંડારોની યાદી જેઓને જરૂર હોય તેઓ અમારી પાસેથી મંગાવી શકે છે.

★ પૂ.શ્રુતસંશોધક આ.શ્રી મુનિચંદ્રસૂરિજી તરફથી અંગ્રેજી ભાષામાં છપાયેલ બધા જ જૈન ગ્રંથોની સૂચિ અમોને મળે છે. જેઓને પણ જરૂર હોય તેઓ અમારી પાસેથી સૂચિ મંગાવી શકે છે.

★ આ.શ્રીકૈલાશસાગરસૂરિજી જ્ઞાનભંડાર (કોબા, ગાંધીનગર) તરફથી આપણા જૂના માસિકો જેમાં જૈન સત્યપ્રકાશ ઉપરાંત બુદ્ધિપ્રભા, જૈનધર્મ પ્રકાશ, શ્રી આત્માનંદ પ્રકાશની PDF ફાઈલો તેઓના ઔદાર્યપૂર્ણ સહયોગથી અમને મળેલ છે. તેની D.V.D. જરૂરિયાત મુજબ જ્ઞાનભંડારોને સ્વદ્રવ્યથી ભેટ આપવાની અમારી ભાવના છે, તો લાભ આપવા વિનંતિ. આ બાબત આપના એડ્રેસ વિગેરે માહિતી સાથે લેખિત સંપર્ક કરવા વિનંતિ. આ માસિકોની મુદ્રિત નકલ ફક્ત અભ્યાસ માટે શ્રી આશાપૂરણ જ્ઞાનભંડારમાંથી મળી શકશે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5AP & T Guide hence not be taxed.

1Rs.

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫.
મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪, (ઓ) : ૦૭૯ - ૨૨૧૩૨૫૪૩.